SANDESH AHMEDABAD

## ન્યાય અપાવવામાં ગુજરાત આઠમા ક્રમે : મહારાષ્ટ્ર ટોચના ક્રમે

# કર્મીઓની નિમણૂકમાં વિલંબ એ ન્યાયતંત્રની મોટી સમસ્યા

## બોમ્બે હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ મોહિત શાહના હસ્તે 'ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ ૨૦૧૯'નું વિમોચન

। અમદાવાદ ।

ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ-૨૦૧૯માં સમગ્ર ન્યાય આપવાની ક્ષમતામાં ભારતના રાજ્યોમાં ગુજરાતે આઠમું સ્થાન હાંસલ કર્યું છે. દેશમાં ન્યાય કરવા માટે આવશ્યક ૪ આધારસ્તંભો પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સહાય મુદ્દે સર્વે હાથ ધરીને તૈયાર કરાયેલા રિપોર્ટમાં મહત્વના તારણો સામે આવ્યા છે. ગાંધીનગરમાં GNLU ખાતે બોમ્બે હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ મોહિત શાહ, ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટના ચીફ એડિટર માયા દારૂવાલા, GNLUના ડાયરેક્ટર પ્રો. એસ. શાંતાકુમાર અને ટાટા ટ્રસ્ટના પોલિસી અને એડવાઝરી હેડ શિરીન વકીલના હસ્તે આ રીપોર્ટ જાહેર કરાયો હતો. આ રિપોર્ટ મુજબ, ગુજરાત ન્યાયતંત્ર ક્ષેત્રે સાતમું અને કાનૂની સહાયમાં છઠ્ઠા ક્રમે આવ્યું છે. નિવૃત્ત ચીફ જસ્ટિસ મોહિત શાહે કહ્યું કે, આપણી સમગ્ર સિસ્ટમમાં ઘણાં સુધારા કરવા જરૂરી છે. કર્મચારીઓની નિમણૂંકમાં વિલંબ એ ન્યાય પ્રણાલીની સૌથી મોટી સમસ્યા છે. ન્યાય ક્ષેત્રે યુવા વકીલોને તાલીમ અને પ્રોત્સાહન આપવું જરૂરી છે. દેશમાં ન્યાય કરવાની ક્ષમતા અંગેના રેન્કિંગમાં ૧ કરોડથી વધુ વસ્તી ધરાવતા મોટાં અને મધ્યમ કદના રાજ્યોમાં મહારાષ્ટ્રને પ્રથમ સ્થાન મળ્યું છે અને ત્યારપછીના ક્રમે કેરળ, તમિળનાડુ, પંજાબ, હરિયાણાને સ્થાન મળ્યું છે. જ્યારે એક કરોડથી ઓછી વસ્તી ધરાવતા નાના રાજ્યોની શ્રેણીમાં ગોવા ટોચના ક્રમે આવ્યું છે. આ રિપોર્ટ મુજબ, દેશના ન્યાયતંત્ર અને પોલીસ તંત્રમાં ઘણી જગ્યાઓ ખાલી છે. આ બંન્ને સેક્ટરમાં મહિલાઓની સંખ્યા ઓછી જોવા મળે છે અને જજ તથા મહિલા પોલીસ અધિકારીઓ- સ્ટાફમાં મહિલાઓને સ્થાન આપવું જોઈએ. જેલોમાં કાચા કામના કેદીઓની સંખ્યામાં થયેલો વધારો ચિંતાજનક બાબત છે. ગુજરાતના ન્યાયતંત્રમાં ખાસ કરીને નીચલી કોર્ટોમાં પેન્ડિંગ કેસોની બાબત પણ ચિંતાજનક છે. નીચલી કોર્ટોમાં કેસના નિકાલમાં ભારે વિલંબ થાય છે અને લગભગ૧૦ વર્ષે કેસનો નિકાલ થાય છે.




Scanned by CamScanner